ભા.કૃ.અનુ.પ.-મગફળી સંશોધન નિદેશાલય,ઇવનગર રોડ ,પોસ્ટ બોક્ષ નંબર ૫, જુનાગઢ

પ્રક્ષેત્ર/નીલામી/2022-23/ તારીખ : ૦૬-૦૨-૨૦૨૩

## જાહેર હરાજી

આથી રસ ધરાવતા સર્વે વ્યક્તિઓ કે સંસ્થાઓ ને જણાવવાનું કે મગફળી સંશોધન નિદેશાલય ઇવનગર રોડ જુનાગઢ ખાતે નિદેશક મહોદયે આપેલ મંજુરી મુજબ ડી.જી.આર . કેમ્પસ માં આવેલ નીલગીરી, સુબાબુલ તથા લીમડા ના ઝાડ ની છટણી (પ્રુનીંગ) કરી લઇ જવા ની જાહેર હરાજી તારીખ ૧૫-૦૨-૨૦૨૩ ને બુધવાર ના દિવસે સવારે ૧૦ કલાકે ફાર્મ ઓફીસ ખાતે રાખવામાં આવેલ છે તો રસ ધરાવતા સર્વે વ્યક્તિ કે સંસ્થાઓ એ સમયસર હાજર રહેવું . ઝાડની કુલ અંદાજીત સંખ્યા નીચે મુજબ છે

(૧.) નીલગીરી : ૩૮૦ (૨) સુબાબુલ: ૧૮૬ (૩) લીમડા: ૨૦૨

**હરાજી માં ભાગ લેનારે નીચેની શરતો નું પાલન કરવાનું રહેશે**

૧. હરાજી માં ભાગ લેનાર વ્યક્તિ એ ડીપોઝીટ પેટે રૂપિયા ૧૦૦૦૦ જમા કરાવવાના રહેશે જે પરત મળવા પાત્ર છે. ડીપોઝીટ જમા કરાવનાર વ્યક્તિ ને જ હરાજી માં ભાગ લેવા દેવામાં આવશે.

૨. હરાજી માં સફળ ઉમેદવારે તેજ દિવસે હરાજી ની કુલ રકમ ના ૨૫ ટકા રકમ કાર્ડ (ડીજીટલ રૂપમાં) અથવા ચેક થી ભરવાની રહેશે બાકીની બધી જ રકમ ત્રણ દિવસ માં ભરવાની રહેશે ત્યારબાદ જ પ્રુનીંગ કરેલ લાકડા લઇ જવાની મંજુરી આપવામાં આવશે

૩. ઝાડ ની છટણી (પ્રુનીંગ) કરી લઇ જતા પહેલા સુરક્ષા વિભાગ માં રૂપિયા ૧૦૦૦૦ ડીપોઝીટ જમા કરાવવાની રહેશે જો કોઈ પ્રકાર નું નુકસાન થશે તો તેમાંથી રકમ કાપી લેવામાં આવશે નહીતર મુદત પૂરી થયે પરત આપવામાં આવશે

૪. સમિતિ નક્કી કરે તેટલી ઉંચાઈ એ થી ઝાડની છટણી કરવાની રહેશે

૫. ઝાડની છટણી કરતી વખતે સંસ્થાની કોઈપણ મિલકત (દીવાલ, વીજતાર કે અન્ય ) ને નુકશાન ન થાય તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે

૬. ઝાડ ની છટણી (પ્રુનીંગ) કરી લઇ જવાની મુદત સમિતિ નક્કી કરે તે મુજબ ની રહેશે

૭. ઝાડ ની છટણી (પ્રુનીંગ) ઓફીસ સમય દરમ્યાન અને સ્ટાફની હાજરી માં કરવાની રહેશે

૮. ઝાડ ની છટણી (પ્રુનીંગ) કર્યા બાદ ડાળી, પાંદડા વગેરે સાફસુફ કરી ને લઇ જવાનું રહેશે

૯. ઝાડ ની છટણી (પ્રુનીંગ) ના કામ દરમ્યાન કોઈ પણ પ્રકારની દુર્ઘટના માટે ડી.જી.આર. કાર્યાલય જવાબદાર રહેશે નહિ

૧૦. ઉપરોક્ત શરતો નો ભંગ કરનાર સફળ ઉમેદવાર ની મંજુરી તુરંત જ રદ કરવામાં આવશે તથા જમા કરેલ રકમ પરત આપવામાં આવશે નહિ જેની ખસ નોંધ લેવી

૧૧. કોઈપણ કારણ બતાવ્યા વગર હરાજી રદ કરવાનો અધિકાર નિદેશક મહોદય નો રહેશે

ઇન્ચાર્જ ફાર્મ અધિક્ષક

*હરાજી ની તારીખ : ૧૫-૦૨-૨૦૨૩ , બુધવાર*

*સમય: સવારે ૧૦ કલાકે , સ્થળ: ફાર્મ વિભાગ , ડી.જી.આર. જુનાગઢ*